# બાયડના વેપારીઓનું સ્વૈચ્છીક લૉકડાઉન જડબેસલાક

## ચા ની કીટલી, લારી સહિત તમામ નાના-મોટા ધંધા-રોજગાર બંધ રહ્યા




### વેપારીઓની રજૂઆત, માત્ર ત્રણ કલાકની છૂટછાટ આપો

લગ્નસરા તેમજ અન્ય શુભ પ્રસંગોની સીઝન ખૂલી છે ત્યારે બાયડના કાપડ અને ગારમેન્ટ વેપારી એસોસીએશન દ્વારા બાયડનું બજાર ૩ કલાક માટે ખુલ્લું રાખવાની છૂટછાટ આપો તેવી રજૂઆત થઈ છે. જ્યારે અનેક ટેલર્સના સંચાલકોએ પણ અમે અનેકના ઓર્ડર લીધા છે અને સમયસર તેમને કપડાં સીવીને આપવાનાં હોય છે આ સંજોગોમાં અમે દુકાનની અંદર શટર બંધ કરીને કામ કરી શકીએ તેવી છૂટછાટ આપવા પણ રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

બાયડ તાલુકામાં કોરોના પ્રાણઘાતક બન્યો છે. પાછલા ૩ મહિનામાં કોરોનાથી ૨૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે બાયડમાં તા.૨૨ થી ૩૦ એપ્રિલનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર થયું હતું. પ્રથમ દિવસે બાયડના વેપારીઓએ સ્વૈચ્છીક લૉકડાઉનને જડબેસલાક સમર્થન આપ્યું હતું. ચા ની કીટલી, લારી સહિત તમામ નાના-મોટા ધંધા-રોજગાર બંધ રહ્યા હતા. પરંતુ દવાખાના-હોસ્પિટલોમાં દર્દીઓની ઉમટેલી ભીડથી આવનારા દિવસોમાં વધુ વિકરાળ સ્થિતિ સર્જાવવાનો ભય નજર સમક્ષ જોવા મળ્યો.

કોરોનાએ તમામ ધંધા-રોજગારની કેડ ભાંગી નાખી છે. કોઈનો જીવ બચતો હોય તો વેપારીઓ પોતાના ધંધા-રોજગાર બંધ રાખવા પણ તૈયાર છે પરંતુ તંત્ર અને સ્થાનિક પ્રશાસનની સૂચનાઓ છતાં અનેક લોકો સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલી રહ્યા છે તેનાં ગંભીર પરિણામો બાયડ તેમજ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને સાગમટે ભોગવવાનો વારો આવ્યો છે. બાયડ તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી બાયડ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સ્વૈચ્છીક લૉકડાઉનનો નિર્ણય લેવાયો હતો જે મુજબ તા.૨૨ એપ્રિલ, ગુરૂવારથી બાયડના તમામ ધંધા-રોજગાર જડબેસલાક બંધ રહ્યા હતા. કોરોના તેમજ અન્ય ગંભીર બિમારીથી મોત નિપજ્યું હતું તેમની અંતિમ વિધિ માટે જરૂરી સામગ્રી લેવા માટે પણ કેટલાક સબંધીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

### લૉકડાઉનનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરો : સાઠંબા વેપારી મંડળ

સાઠંબા પંથકમાં કોરોના વકરતાં સાઠંબામાં તા.૨૨ થી ૨૬ એપ્રિલ સુધી બપોરના ૩-૦૦ થી બીજા દિવસ સવારના ૬-૦૦ સુધીનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે અને સાઠંબા વેપારી મંડળે પણ તેને સમર્થન કર્યું છે પરંતુ લૉકડાઉનના નિયમોનો ભંગ કરે તેવા વેપારીઓ સામે સાઠંબા ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાની લેખિતમાં માંગ કરી છે.

# અરવલ્લી વહીવટી તંત્રના ખાડે ગયેલા વહીવટથી હોમ આઈસોલેશન દર્દી બ્લેકમાં ઈન્જેક્શન ખરીદવા મજબૂર

## અનેક વિસ્તારોમાં ઉઘાડી લૂંટ, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કોઈનો મોબાઈલ ઉપાડતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

રાજ્ય સરકારે કોરોનાના દર્દીઓને બચાવવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે પરંતુ અરવલ્લી વહીવટી તંત્રના ખાડે ગયેલા વહીવટથી ખાનગી હોસ્પિટલોએ ઘરે રવાના કરી દીધેલા હોમ આઈસોલેશન દર્દીઓ બ્લેકમાં રેમડેસિવિર ઈન્જેક્શન ખરીદવા મજબૂર બન્યા છે. સંકલનના મુખીયા કોણ છે ક્યાંથી વહીવટ ચાલી રહ્યો છે તે જ પ્રજા અને ખાનગી તબીબોને સમજાતું નથી. અનેક વિસ્તારોમાં ઉઘાડી લૂંટ છતાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના જવાબદારો માત્ર હાહા..અને હીહીમાંથી ઉંચા આવતા નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં ફળવાયેલા રેમડેસિવિર ઈન્જેક્શનની તપાસ થાય અને ખરેખર જે દર્દીઓ માટે મંગાવવામાં આવ્યા હતા તેમના માટે જ ઉપયોગ થયો છે કે કેમ..?? તેની તપાસ થાય તો તંત્રની અનેક પ્રકારની મીલીભગત સામે આવી શકે છે.

રોજ સમી સાંજ થાય એટલે નવા ફતવા બહાર પાડવા ટેવાયેલા અરવલ્લી વહીવટી તંત્રએ અનેક પ્રકારની ઉઘાડી લૂંટના કિસ્સા સામે આવ્યા છતાં એકપણ હોસ્પિટલ સામે દાખલારૂપ કાર્યવાહી કરી નથી કાં તો તંત્રને ગતાગમ પડતી નથી કાં તો તારૂ મારૂ સહીયારા..ની નીતિ બહુમાળી ભવનની જેમ જ કોરોનાના કપરા કાળમાં પણ અમલી બની ગઈ છે તેવી લોકચર્ચાનો સ્વીકાર કરવો જોઈએ. જિલ્લામાં કેટલાં રેમડેસિવિર ઈન્જેક્શન ફાળવવામાં આવ્યાં, ક્યાં થી ક્યાં ગયાં, ખરેખર તેની જરૂરીયાત કેટલી હતી..તેની કોઈ વિગત તંત્ર આપતું નથી કાં તો છૂપાવી રાખવાનો આદેશ મળ્યો હોય તેવું માની લઈએ. ખાનગી હોસ્પિટલને કોવિડ સારવાર માટેની માન્યતા ન હોય તો પણ તેઓ કોરોનાના દર્દીની સારવાર કરી શકશે તેવી રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગની સ્પષ્ટ સૂચના પછી કેટલીક હોસ્પિટલોએ કોરોના દર્દીઓને દાખલ કરીને સારવાર શરૂ કરી અને રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ કરી તો તંત્રએ જવાબ આપ્યો કે અમને આવો કોઈ પરીપત્ર મળ્યો નથી. માત્ર દર્દીઓ જ દાખલ કરવાની જ વાત છે, રેમડેસિવિર ઈન્જેક્શન આપવાની વાત નથી થઈ જેના કારણે આવી હોસ્પિટલોમાં દાખલ થયેલા અનેક દર્દીઓ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં હાલની સ્થિતિએ સામગટે ૫૦૦ રેમડેસિવિર ઈન્જેકશન આપવામાં આવે તો પણ ઓછા પડે તેવી સ્થિતિ છે ત્યારે ગત રોજ માત્ર ૧૨ ઈન્જેક્શન આપીને તંત્રએ હાથ ઉંચા કરી દીધા છે. કાં તો જિલ્લાના અધિકારીઓનું રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ સાંભળતું નથી કાં તો પછી જિલ્લા વહીવટી તંત્રમાં આવડત નથી. જે રીતે ટપોટપ કોરોનાના દર્દીઓ અરવલ્લી જિલ્લામાં મોતને ભેટી રહ્યા છે તે જોતાં રાજ્ય સરકારે ગંભીરતા દાખવી અરવલ્લી જિલ્લામાં વધુ એક સણદી અધિકારીની તાત્કાલિક નિયુક્તિ કરવી જોઈએ અન્યથા અરવલ્લી જિલ્લામાં મોતનું તાંડવ રચાશે તે દિવસો દૂર નથી.

### બાયડનો ગરીબ પરિવાર ઈન્જેક્શન મેળવવા દાગીના વેચવા મજબૂર બન્યો

બાયડના એક ગરીબ પરિવારના મોભીને કોરોના થયો. ડાૅક્ટર દ્વારા રેમડેસિવિર ઈન્જેક્શન મૂકવું પડશે તેવું જણાવવામાં આવ્યું પરંતુ હોમ આઈસોલેશન હોવાથી ઈન્જેક્શન મળતું નથી જેથી ગરીબ પરિવાર બમણા ભાવે પણ ઈન્જેક્શન મેળવવા દાગીના વેચવા પણ મજબૂર બન્યો છે. આ કડવી વાસ્તવિક્તાને અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર ઝડપથી સ્વીકારે અને જ્યાં જરૂર હોય ત્યાં તાત્કાલિક રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવે તેવી દર્દીઓના સગાઓએ માંગ કરી છે.

### ગંભીર હાલતવાળા દર્દીઓને ૭ દિવસ પછી પણ રેમડેસિવિર ઈન્જેક્શન મળતું નથી

અરવલ્લી જિલ્લામાંથી ગંભીર વિગતો સામે આવી રહી છે જેમાં હોસ્પિટલમાં તેમજ હોમ આઈસોલેશનમાં ઘરે સારવાર લઈ રહેલા અનેક દર્દીઓને રેમડેસિવિરની તાતી જરૂરીયાત છે અને આ બાબતે તંત્રને ડીમાન્ડ પણ મોકલવામાં આવી છે છતાં ૭ દિવસ પછી પણ રેમડેસિવિર ઈન્જેક્શન મળતું નથી. જ્યારે કોઈ માલેતુજાર દર્દી કે તેનો સગો હોય તો ગણતરીના કલાકોમાં જ ઈન્જેક્શન મળી જાય છે. જેનો મતલબ એ થયો કે ક્યાંક ને ક્યાંક સરકારની સીસ્ટમમાં જ ખાટલે ખોડ છે.

# ખલીકપુરમાં કોરોનાનો ચેપ લાગતાં યુવાનનો આપઘાત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

બેકાબુ બનેલા કોરોના સંક્રમણથી હવે આત્મહત્યાનો સિલસિલો શરૂ થયો છે. મોડાસા તાલુકાના ખલીકપુરમાં કોરોનાથી ચેપગ્રસ્ત યુવાને પોતાના કારણે પરિવારના સભ્યોને ચેપ લાગશે તેવી બીકથી ઝાડ ઉપર ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતાં સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. કોરોના ચેપગ્રસ્ત યુવાનની આત્મહત્યાએ જિલ્લા વહીવટી તંત્રથી માંડી મનોચિકિત્સકોને પણ હચમચાવી નાખ્યા હોય તેવું બની શકે પરંતુ હવે તંત્ર અને આરોગ્ય વિભાગે આ બનાવથી ગંભીર બનવાની જરૂરી છે કારણ કે કોરોના દર્દીઓને સરકારી અને ખાનગી હોસ્પિટલમાં જગ્યા મળતી નથી જેથી હવે મરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોવાના કારણે બીજી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તંત્રએ ગંભીર બનવું પડશે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર મોડાસાના પહાડપુર થી ચોપડા જતા માર્ગ ઉપર બાવળના ઝાડ ઉપર કોઈ યુવાનની લાશ લટકતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું જેથી કોઈએ પોલીસને જાણ કરતાં મોડાસા ગ્રામ્ય પોલીસ બનાવ સ્થળે પહોંચી. ઝાડ ઉપર લટકતા મૃતદેહને નીચે ઉતારી તપાસ કરતાં મૃતક મનોજ મથુરભાઈ ખાંટ(ઉ.૩૨ વર્ષ) ખલીકપુરનો હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસ દ્વારા તેના પરિવારની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને પરિવારને કોરોના થઈ જશે તેવો વહેમ રાખી માનસિક રીતે પડી ભાંગ્યો હતો જેથી તા.૨૧-૨૨ ની મધ્યરાત્રિએ ઝાડ ઉપર લટકી જઈને આત્મહત્યા કર્યાનું બહાર આવ્યું છે. જિલ્લાનું તંત્ર ભલે સંવેદના ગુમાવી દીધી હોય પરંતુ ખલીકપુરના યુવાનની આત્મહત્યા પછી હવે કોઈ કોરોનાગ્રસ્ત આત્મહત્યા ન કરે તેવી સુવિધાઓ ઉભી કરશે તો પણ મૃતકને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

# સ્વયંભૂ લૉકડાઉન : જિલ્લામાં પેટ્રોલ-ડીઝલના વેચાણમાં ધરખમ ઘટાડો, રોડ ઉપર ટ્રાફીક ઘટ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

કોરોનાના કારણે ગામડાં અને શહેરી વિસ્તારમાં પ્રજા અને વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કરી રહ્યા છે. ગામડાઓમાં સરકારને ફરજીયાત લૉકડાઉનનો અમલ કરવો પડ્યો હતો જેમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના અનેક બનાવો જિલ્લાના પોલીસ મથકોમાં નોંધાયા હતા. આ વર્ષે ગામડાંની સાથે શહેરી વિસ્તારમાં પણ સ્વયંભૂ લૉકડાઉન અમલી બન્યું છે.

લોકો ઘરની બહાર જવાનું અનિવાર્ય સંજોગો સિવાય ટાળી




રહ્યા છે. પોતાનું કોઈ સ્વજન ગુજરી ગયું હોય તો પણ ફોનથી સાંત્વના પાઠવી દે છે. સ્વયંભૂ લૉકડાઉન અને કોરોનાના વધી ગયેલા હાઉથી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલના વેચાણમાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. રોડ ઉપરથી ટ્રાફીક ઘટ્યો છે. અગાઉ હાઈવે ઉપર બાયડ થી મોડાસા જવું હોય તો ૪૫ થી ૬૦ મીનીટનો સમય થતો હતો હવે માત્ર ૩૦ મીનીટમાં જ સડસડાટ મોડાસા પહોંચી જવાય છે. ટૂંકમાં કોરોનાએ કરી દેખાડ્યું તે તંત્ર કરી શક્યું નથી.

કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાતાં ખુદ પ્રજા બચવા માટે હવે ઘરમાં પુરાઈ રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી તેવું સ્વીકારી લીધું છે. જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલના વેચાણમાં ધરખમ ઘટાડો થયો છે. જ્યારે સરકાર દ્વારા પણ સરકારી કચેરીઓમાં ૫૦ ટકા રોટેશન પ્રમાણે કર્મચારીઓને હાજરી આપવાનો આદેશ કર્યા પછી પણ તેની સીધી અસર ઈંધણ વેચાણમાં જોવા મળી રહી છે.

ગત વર્ષે કોરોનાના કારણે સ્થિતિ અલગ છે કોરોના બેકાબુ છે સરકારે સ્પષ્ટ કહ્યું છે કે લૉકડાઉન લાવવાનો અમારો કોઈ ઈરાદો નથી પરંતુ પ્રજા સમજી ચૂકી છે કે કોરોનાની ગંભીરતા સમજવામાં થાપ ખાઈશું તો આર્થિક રીતે પાયમાલ થઈ જઈશું કાં તો પરધામ પહોંચી જઈશું જેથી કોરોનાની ચેઈન તોડવા માટે એક થી બે સપ્તાહનું લૉકડાઉન જરૂરી છે. જિલ્લાની અનેક પંચાયતોએ કોરોનાના સંક્રમણથી પ્રજાને બચાવવા માટે સ્વયંભૂ અને આંશિક લૉકડાઉનનો અમલ કર્યો અને હવે

# સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાથી મોત, રેમડેસિવિર ઈન્જેક્શનની આવકના આંકડા આપવાનું તંત્રએ બંધ કર્યું

## જવાબદાર અધિકારીઓએ સૂચના મળી હોય તેમ કોઈના મોબાઈલ ઉપાડતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ છે. સંક્રમણ વાયુવેગે આગળ વધી રહ્યું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાથી મોત અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બંન્ને જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શન કેટલા ફાળવ્યા..?? કયા વિસ્તારમાં કોને આપ્યા..?? તે તમામ આંકડા આપવાનું તંત્રએ કોઈના કહેવાથી બંધ કર્યું છે. જવાબદાર અધિકારીઓ કોઈના મોબાઈલ ઉપાડતા નથી. કલેક્ટર-અધિક કલેક્ટર સુધી પહોંચેલી આવી ફરિયાદ પછી પણ કોઈ સુધાર આવ્યો નથી.

દર વર્ષે વિવિધ વિભાગો આપત્તિ સમયે કેટલા સજાગ અને સાવધ છે તે જોવા માટે મોકડ્રીલનું આયોજન થતું આવ્યું છે પરંતુ હવે ખુદ આરોગ્ય વિભાગ જ નામના પાત્ર મોકડ્રીલ બની ગયું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાડે ગયેલી આરોગ્ય સેવાઓના કારણે મૃત્યુદર અનેક ગણો વધ્યો છે. જવાબદાર અધિકારીઓની પોતાના જીવ બચાવવાની માનસિકતાના કારણે અન્ય નાના કર્મચારીઓ માનસિક હતાશામાં સરી પડ્યા છે. તાજેતરમાં જ હડીયોલ આરોગ્ય કેન્દ્રના ફાર્માસીસ્ટને કોરોના થયા પછી ગંભીર હાલતમાં અમદાવાદ થી હિંમતનગર ખસેડવામાં આવ્યો અને ત્યાં વેન્ટીલેટરની સુવિધા તાબડતોબ મળી હોત તો આરોગ્ય કર્મીને બચાવી શકાયો હોત. પરંતુ ખંધા તંત્રએ પોતાના કર્મચારી માટે પણ વ્યવસ્થા ન કરતાં મોત નિપજ્યું.

### દુઃખદ અવસાન

બાયડ તાલુકાના ડાભા ગામના



હસમુખભાઈ પુરોહીતના મોટાભાઈ ચંદ્રકાન્તભાઈ દેવશંકર પુરોહીતનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું ટેલિફોનિક બેસણું ૨૩ એપ્રિલ, શુક્રવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

# અરવલ્લી જિલ્લામાં કોરોનાનું મોનિટરીંગ કરતા સચિવ ખુદ કોરોનાની ઝપેટમાં

અરવલ્લી જિલ્લામાં વહીવટી તંત્રની કોરોના સમયે નબળી કામગીરીથી રાજ્ય સરકાર દ્વારા અરવલ્લીના સચિવ તરીકે આઈ.એ.એસ. રૂપવંતસીંગ (નાણાં વિભાગ, ગુજરાત સરકાર)ની નિયુક્તિ કરી હતી. પરંતુ કહેવાય છે કે તેઓ ગત સપ્તાહે જિલ્લાની મુલાકાતે આવ્યા અને પછી કોરોના સંક્રમિત થયા હોય તેમ રિપોર્ટ પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન થઈ ગયા છે. રાજ્ય સરકારના જિલ્લા માટે નિમેલા સચિવ જિલ્લાની મુલાકાતે આવ્યા અને ચેપગ્રસ્ત થઈ જતા હોય તો પછી સામાન્ય લોકોની શું સ્થિતિ હશે..?? તે મુદ્દે સરકારે ગંભીરતાપૂર્વક વિચારવાનો સમય આવી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં સરકારી કોવિડ હોસ્પિટલ, કોવિડ કેર સેન્ટર દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, બેડ ખૂટી પડ્યા છે, અનેક સંક્રમિત દર્દીઓને વેઈટીંગમાં આખી રાત અને દિવસ હોસ્પિટલની બહાર રહેવું પડ્યું છે. ખાનગી હોસ્પિટલોમાં પણ હાઉસ્ફુલના જવાબ મળી રહ્યા છે અને અરવલ્લી કલેક્ટર અને તેમનું તંત્ર કહી રહ્યું છે કે જિલ્લામાં કોરોનાની કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે અમે સક્ષમ છીએ એ તો ઠીક કોરોના દર્દીઓને બચાવવા માટે જરૂરી એવા ઓક્સિજનની અછત, રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજાર થતા હોવા છતાં બાહોશ તંત્ર એકપણ કાળા બજારીયાને પકડી શક્યું નથી કે પછી સંદિગ્ધ હાલતમાં પૂછપરછ પણ કરી શકતું નથી.